

#StayAware #StaySafe

જો તમને ભારતીય રિઝર્વ બેંક કે એવી કોઈ સંસ્થાના નામે લોટરી / ટેક્ષ રિફંડ કે એવી અન્ય કોઈ મોટી રકમ મળ્યાનો પ્રસ્તાવ મળે તો તેના પર વિશ્વાસ કરશો નહીં. એ રકમ મેળવવા માટે ન તો તમારા બેંક ખાતાની વિગતો આપશો કે ન તો કોઈ ફી / પૈસા ચુકવશો. આવા સંદેશાઓ પર ધ્યાન ન આપશો.

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો !

**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**



#StayAware #StaySafe

તમારો ઓટીપી, પીન, કાર્ડની વિગતો કોઈને ન જણાવો. કેવાયસી અપડેશન અથવા અન્ય કોઈ બહાના હેઠળ છેતરપિંડી કરનાર તમારી પાસે આવી માહિતી માંગી શકે છે. એ તમને કોઈ લીંક મોકલીને અથવા પોતાને બેંક અથવા ભારતીય રિઝર્વ બેંકના કર્મચારી તરીકે ઓળખાવીને તમારી વ્યક્તિગત માહિતી મેળવી શકે છે અને તમારા બેંક ખાતામાંથી પૈસા ઉપાડી શકે છે. તેથી સાવધાન રહો અને છેતરપિંડીથી બચો.

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો !


**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**

છેતરપિંડીના કારણે થઇ શકતાં નુકસાનને ઓછું કરવા તમે તમારા કાર્ડના આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક લેવડ-દેવડના ઉપયોગની મર્યાદાઓ નક્કી કરી શકો છો. તમે ઓનલાઈન અને મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન એમ બન્ને માટે દૈનિક મર્યાદા નક્કી કરી શકો છો. આ સુવિધાઓ મોબાઈલ એપ, ઈન્ટરનેટ બેંકિંગ અથવા એટીએમ દ્વારા ચાલુ અથવા બંધ કરી શકાય છે અને તે તમારા ખર્ચાઓ અને નુકસાન - બન્ને પર કાબુ રાખવામાં મદદરૂપ થાય છે.

**આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો !**

**RBI Kehta Hai...
Jaankaar Baniye,
Satark Rahiye!**





તમે તમારા બેંક ખાતા અને લોકર માટે નોમિનીની નોંધણી અવશ્ય કરાવો. નામાંકન (નોમીનેશન) થાપણદારના મૃત્યુ પછી તેના બેંક ખાતાની રકમની ચૂકવણી સરળ બનાવે છે.
આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો !
RBI Kehta Hai...
Jaankaar Baniye,
Satark Rahiye!



બેંકે તમને એવી કોઈ વીમા પોલીસી કે નાણાકીય સેવા આપી છે જે તમારા માટે અનુકૂળ ન હોય, તમે એની માંગણી કરી ન હોય અને તેને લગતી મહત્વની શરતો બેંકે તમને અગાઉથી જણાવી ન હોય તો તમે તમારી બેંકને ફરિયાદ કરવામાં ખચકાટ ન અનુભવો. અને જો તમને બેંકના જવાબથી સંતોષ ન થાય તો તમે ભારતીય રિઝર્વ બેંકના લોકપાલને લેખિત અથવા ભારતીય રિઝર્વ બેંકની કમ્પ્લેઇન મેનેજમેન્ટ સીસ્ટમ (CMS) પોર્ટલ પર ફરિયાદ કરી શકો છો.

**આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો !**

**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**

જો તમારી બેંક, ગેર-બેંકિંગ નાણાકીય કંપની (એનબીએફસી) અથવા પેમેન્ટ સીસ્ટમ સાથે જોડાયેલી સંસ્થા (ઈ-વોલેટની સગવડ પૂરી પાડનાર) એ તમારી ફરિયાદનો એક મહિનાથી વધુ સમય સુધી નિકાલ કર્યો ન હોય અથવા તેમના જવાબથી તમને સંતોષ ન હોય તો તમે ભારતીય રિઝર્વ બેંકના લોકપાલને તેમના કમ્પ્લેઇન મેનેજમેન્ટ સીસ્ટમ (CMS) પોર્ટલ પર ફરિયાદ કરી શકો છો.

આરબીઆઈ કહે છે–જાણકાર બનો, સતર્ક રહો !

**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**





એટીએમ વ્યવહાર નિષ્ફળ રહેવાના સંજોગોમાં જો તમારી બેંક તમારા બેંક ખાતામાંથી ઉધારેલ રકમ એક ચોક્કસ સમયમર્યાદામાં પાછી જમા નથી કરતી તો બેંકે તમને વળતર આપવું પડશે. જો બેંકે આપમેળે તમને આવું વળતર નથી આપ્યું તો તમે ભારતીય રિઝર્વ બેંકના લોકપાલને કમ્પ્લેઇન મેનેજમેન્ટ સીસ્ટમ (CMS) પોર્ટલ પર ફરિયાદ કરી શકો છો.

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો!

**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**



તમારા બેંક ખાતામાં થતાં વ્યવહારો વિષે તત્કાળ એલર્ટ (ચેતવણીસૂચક સંદેશ) મેળવવા માટે તમે તમારી બેંકમાં તમારા મોબાઈલ નંબર અને ઈ-મેલની નોંધણી કરાવો. જો તમને કોઈ એવા વ્યવહાર વિષે એલર્ટ મળે છે જે તમે નથી કર્યો અથવા અધિકૃત નથી, તો તમારી બેંકને તાત્કાલિક જાણ કરો.

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો!

**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**



ઓનલાઈન બેંકિંગ કરતી વખતે તમારે કેટલીક સાવચેતી રાખવી જરૂરી છે. દાખલા તરીકે તમારો મહત્વનો બેંકિંગ ડેટા તમારા મોબાઈલ ફોન, ઈ-મેલ અથવા પર્સમાં ન રાખો.

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો!

**RBI Kehta Hai...
Jaankaar Baniye,
Satark Rahiye!**




ઓનલાઈન બેંકિંગ માટે ફક્ત ચકાસણી કરેલી, વિશ્વસનીય અને સલામત (અર્થાત https: થી શરુ થતી) વેબસાઈટનો ઉપયોગ કરો. તમારા બેંકિંગ વ્યવહારો માટે સાર્વજનિક, ખુલ્લા અને મફત નેટવર્કનો ઉપયોગ ન કરો.

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો!

**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**



તમારો ઓટીપી / સીવીવી / એટીએમ પીન કોઈને ન જણાવો.

તમારો ઓનલાઈન બેંકિંગ પાસવર્ડ અને પીન સમય સમય પર બદલતા રહો. તમારું એટીએમ કાર્ડ, ક્રેડિટ કાર્ડ અથવા પ્રિપેડ કાર્ડ ખોવાઈ જાય તો તેને તાત્કાલિક બ્લોક કરો.

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો!

**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**



જો તમને જાણવા મળે કે કોઈએ છેતરપિંડીથી તમારા બેંક ખાતામાંથી રકમ ઉપાડી લીધી છે, તો તમારી બેંકને તાત્કાલિક જાણ કરો. જયારે પણ તમે બેંકને જાણ કરો ત્યારે પાવતી લેવાનું યાદ રાખો. તમારી ફરિયાદ મળ્યાના 90 દિવસની અંદર બેંકે તેનું નિરાકરણ લાવવું પડશે.

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો!


**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**



તમારી બેદરકારીના કારણે કોઈ છેતરપીંડી થયેલી હોય અર્થાત તમે તમારો પાસવર્ડ, પીન અથવા ઓટીપી અન્ય કોઈને જણાવ્યો હોય તો તમે જ્યાં સુધી તમારી બેંકને જાણ ન કરો ત્યાં સુધી તમારે નુકસાન સહન કરવું પડશે. બેંકને જાણ કર્યા પછી પણ કોઈ નુકસાન થાય છે તો બેંકે તેનું વળતર આપવું પડશે. જાણ કરવામાં મોડું ન કરો. શુભસ્ય શીઘ્રમ!

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો!

**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**



વધુ વળતર મેળવવાની અપેક્ષામાં વધુ જોખમ ઉઠાવવું પડે છે. તેથી ઝડપી અને ઊંચું વળતર આપતી યોજનાથી લલચાશો નહી, તમારા નાણાનું સમજી-વિચારીને રોકાણ કરો.

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો!

**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**



કોઇપણ યોજનામાં નાણાં રોકતા પહેલાં યોજનાની સંપૂર્ણપણે ચકાસણી કરો. અનિયંત્રિત સંસ્થાઓના ઝડપી અને ઊંચા વળતરનો વાયદો કરતા પ્રસ્તાવથી લલચાશો નહી. એ છેતરપિંડી હોય શકે છે.

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો!

**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**

કોઇ યોજના હેઠળ એકત્રિત કરેલા નાણા પરત ન આપતી સંસ્થા વિરુદ્ધ ફરિયાદ હોય તો તમે ભારતીય રિઝર્વ બેંકના “સચેત” પોર્ટલ પર ફરિયાદ નોધાવી શકો છો.

આરબીઆઈ કહે છે - જાણકાર બનો, સતર્ક રહો!

**RBI Kehta Hai...**
**Jaankaar Baniye,**
**Satark Rahiye!**

